# <u>રે.દિ.મુ.નં.૭૩/૨૩ ના કામે આંક–૬ ની મનાઈહુકમ અરજી લગત</u>

૧. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની ટુંકમા હકીકત એવા પ્રકારની છે કે,વાદીની ખેતીની જમીન બાટવાનાં રેવન્યુ સર્વે નં.૪૯૮/૨૩ માં આવેલી છે. જેની ચતુસીમાં દાવા અરજી પાના–૨ માં દર્શાવેલ છે. વાદીની જમીનના ઉતર પશ્ચિમ ખુણા ઉપર વર્ષો જુનુ પાણીનું બોર કરાવેલ છે. તેની રેવન્યુ હકક પત્રકમાં નોંધ છે. આ બોરમાંથી પાણી ભરવાનો ટાકો તથા ઈલેકટ્રીક કનેકશનનો ટ્રાન્સફોર્મર વિગેરે બધી વસ્તુ આ પશ્ચિમ ખુણા તરફ હોય જેથી તે સગવડો માટે વાદીએ કેડી રસ્તો બનાવેલો અને ત્યાંથી વાદીની ફેન્સીંગ આવેલ છે અને ત્યારબાદ પ્રતિવાદી નં.–૧ ની જમીન આવેલ છે. આ કામના પ્રતિવાદી નં.–૧ ની સર્વે નં.૪૯૮/૩૬ ની જમીનનો ઉપયોગ કરવા તેમજ આવવા જવા તેમની જમીનની ઉતરે પુર્વ–પશ્ચિમ લંબાઈનો વર્ષો જુનો રસ્તો આવેલ છે. જેમાં પશ્ચિમ તરફનાં છેલ્લા સર્વે નં.૪૯૮/૪૦ થી શરૂ કરીને ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫ તથા ૪૯ સુધી પુર્વ તરફ જાય છે. ત્યારબાદ ત્યાંથી વળાંક લઈને ઉતર દક્ષીણ ખુણે સર્વે નં.૪૯૮/૩૧ થી શરૂ થઈને ૪૯૮/૨૮ ના ખુણે થઈને જુનાગઢ પોરબંદર હાઈ–વે ને મળે છે તેમજ પશ્ચિમ ખુણા તરફના સર્વે નં૪૯૮/૪૦ ની પણ ઉતર–દક્ષીણ ખુણે જુનાગઢ પોરબંદર હાઈ–વેને મળે છે અને આમ, પ્રતિવાદીઓનો કાયદેસરનો રસ્તો તેમની જમીનનાં ઉતર તરફથી છે. તેમનો દક્ષીણ તરફ કોઈ રસ્તો નથી. છતાં તેઓ દવારા હકકો ઉભા કરવા માંગતા હોય હાલનો દાવો દાખલ કરેલ છે.

વાદી તથા પ્રતિવાદી બન્નેને ૧૯૭૬ માં કલેકટર તરફથી આ જમીન મળેલ છે. જે તે વખતે કલેકટરે સરકારી સર્વે નં.૪૯૮ માંથી ટુકડા પાડી <u>વાદીને સર્વે નં.૪૯૮/પૈકી ૨૩ પ્રતિવાદીને ૪૯૮/૩૬ વાળી જમીન ફાળવેલ છે.</u>

જે તે વખતે જમીનધારકોને ઉતર દક્ષીણ બે ભાગમાં જમીન આપેલ હોય ઉતરભાગવાળા જમીન ધારકોને ઉતરભાગમાંથી રસ્તો આપેલ અને દક્ષીણભાગવાળાને દક્ષીણમાંથી રસ્તો આપેલ. જે અંગેનો વિગતવાર નકશો સર્વેયર શ્રીએ મામલતદારશ્રી રૂબરૂ બનાવેલ. આમ, તમામ જમીન ધારકોને અલગ અલગ જાહેર રસ્તો હોય કોઈપણ જમીન ધારકને બીજાની જમીનમાંથી ચાલવાનો કોઈ હકક કયારેય મળેલ નહી. પ્રતિવાદીની જમીનમાં તેઓ કોઈ વાવેતર કરતા ન હોય તેઓને રસ્તાની જરૂર નથી અને ઉતર તરફના રસ્તે ગેરકાયદેસર માટી ખોદકામ કરી ખનીજ ચોરી કરવા માંગતા હોય અને તે બાજુ ખાડા પડી ગયેલ હોય જેથી વાદીની જમીનમાં નવો હકક ઉભો કરવા મામલતદાર કોર્ટ કેસ નં.૪/૨૦૨૩ હકીકતો છુપાવીને કરેલો અને તે દાવામાં પ્રતિવાદી નં.–૨ સામે મેળમિલાપી કરી કાયદાની પ્રોસીજરનો ભંગ કરી ગેરકાયદેસર હુકમ મેળવેલ છે. સદરહું અરજીમાં મામલતદારશ્રી દવારા કોર્ટ એકટના હુકમનો ભંગ કરી અને વાદીને કે સાક્ષીઓને સોગંદ ઉપર તપાસેલ નથી અને વાદીને કોઈ જ નોટીસ આપ્યા વગર એકતરફી રોજકામ પાછળથી ઉભું કરેલ છે. જેમા પ્રતિવાદી નં.–૧ ના સગાઓની સહી છે અને વાદીની સહી નથી અને રોજકામમાં પ્રતિવાદી નં.–૧ ના ઉતર તરફના મુળ રસ્તાનું પણ રોજકામ કરેલ નથી. મામલતદારશ્રીએ જયારે વાદગ્રસ્ત સ્થળની મુલાકાત લીધેલ ન હોવા છતાં વાદગ્રસ્ત હુકમમાં તેઓએ તા.૧૩/૧૦/૨૩ ના રોજ સ્થળ નિરીક્ષણ કરેલ હોવાની ખોટી હકીકતો જણાવેલ છે.

આ કામના પ્રતિવાદી નં.–૧ તેમને વાદગ્રસ્ત રસ્તાનો હકક સ્પષ્ટ કઈ તારીખે પ્રાપ્ત થયો તે અંગેનો કોઈ આધાર કે પુરાવો રજુ કરતા નથી. તેમની પાસે અન્ય બીજા રસ્તા પણ છે તો તેમને રસ્તાની શું જરૂરીયાત છે તે પણ સાબીત કરી

શકેલ નથી. આમ, વાદગ્રસ્ત મામલતદારશ્રીનો હુકમનો અમલ અટકાવવા વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે.

દાવાનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી મામલતદારશ્રીના હુકમની અમલવારી અટકાવવા તેમજ પ્રતિવાદી નં.–૧ નાં કે તેના માણસો, એજન્ટો, સાધનો કે વાહનો દવારા વાદીની દાવાવાળી સર્વે નંબરવાળી જમીનમાં પ્રવેશ કરે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ માંગેલ છે. વાદીએ પોતાના દાવાના સમર્થનમાં આંક–૧૦ થી વાઘેલા નરેશકુમાર બાબુભાઈ અને આંક–૧૧ થી વાઘેલા પ્રવિણભાઈ રાજાભાઈનું સોગંદનામું રજુ કરેલ છે.

૨. વાદીના દાવા તથા મનાઈ હુકમ અરજીની બજવણી પ્રતિવાદી નં. ૧ નાઓને થતાં વકીલશ્રી માફરતે હાજર થઈ **આંક–૨૫ થી વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરી એ મતલબની તકરાર ઉપસ્થિત કરેલ છે કે,** પ્રતિવાદીની જમીનની દક્ષીણે વાદીની જમીન આવેલ છે અને વાદીની જમીન બાદ દક્ષીણે પોરબંદર જુનાગઢ હાઈ–વે લગોલગ રોડ આવેલ છે. જે રોડથી વાદીની જમીનની પશ્ચિમે દક્ષીણેથી ઉતર તરફ રસ્તો સીધો પ્રતિવાદીની જમીનમાં અવાય છે. જે રસ્તો વર્ષો જુનો છે. જે રસ્તાનો ઉપયોગ પ્રતિવાદી છેલ્લા ઘણા સમયથી કરે છે અને આ સિવાય અન્ય કોઈ વૈકલ્પીક માર્ગ તેઓની જમીનમાં જવા આવેલ નથી અને તે રસ્તામાં વાદીઓએ અડચણ કરતા માણાવદર મામલતદાર કોર્ટમાં કેસ નં. ૪/૨૦૨૩ થી દાખલ કરેલ જેમાં નામદાર કોર્ટે બન્ને પક્ષકારોને સાંભળીને તા.૦૮/૧૧/૨૩ ના રોજ પ્રતિવાદી નં.–૧ ની તરફેણમાં હુકમ કરેલ.

પક્ષકારોને સને ૧૯૭૬ માં કલેકટરશ્રી તરફથી જમીન મળેલ હોવાની હકીકતનો પ્રતિવાદીએ સ્વીકાર કરેલ છે પરંતુ, સર્વે નં.૪૯૮ માંથી દાવામાં જણાવ્યા

મુજબ ટુકડા પાડી ઉતરવાળી જમીનધારકોને ઉતરમાંથી અને દક્ષીણભાગવાળાને દક્ષીણેથી રસ્તો આપવાનો ઈન્કાર કરેલ છે. દાવાવાળા રસ્તાનો છેલ્લા ૨૦ વર્ષથી પ્રતિવાદીઓ ઉપયોગ કરે છે જેથી તેઓને સુખાધીકારનો હકક પ્રાપ્ત થયેલ છે. પ્રતિવાદીની જમીનની દક્ષીણે આવેલ જુનાગઢ પોરબંદર જાહેર રોડ જેમાં કાનુની રીતે જવાનો જાહેર માર્ગ હોય તેઓ આ રસ્તેથી પસાર થતા હોય વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

**પ્રતિવાદી નં.–૨ નાઓએ આંક– ૩૦** થી વાદીનાં દાવા તથા મનાઈ હુકમનો જવાબ રજુ કરી મુખ્યત્વે એ તકરાર ઉપસ્થિત કરેલ છે કે, મામલતદાર કોર્ટ કેસ નં.૪/૨૦૨૩ માં હુકમના કાગળોમાં સામેલ આધાર પુરાવા અન્વયે હાલના વાદીની જમીનમાં રસ્તો આવેલ છે તેમજ મામલતદાર કોર્ટ કેસ નં.૪/૨૦૨૩ નો હુકમ તા.૦૮/૧૧/૨૦૨૩ એ કાયદેસર તમામ પક્ષકારોને સાંભળી પુરાવો રજુ કરવાની તક આપી સ્થળ ખરાઈ કરી ઉપરોકત પુરાવાના આધારે કરવામાં આવેલ હોય તમામ પક્ષકારોને બંધનકર્તા છે.

૩. વાદી તરફે વિ. વ. શ્રી એસ. એચ. મુન્સીની દલીલો સાંભળી. અને પ્રતિવાદી પ્રતિ નં ૧ તરફે વિ.વ.શ્રી એમ. પી. ખાનવાણીની અને પ્રતિવાદી નં.–૨ તરફે સરકારી વકીલશ્રી જે. એમ. દેવાણીની દલીલો સાંભળી. <u>વાદી તરફે આંક–૩૭ થી રજુ થયેલ લેખીત દલીલ ધ્યાને લીધી.</u>

વાદી તરફે પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ન્યાયીક નિર્ણયો રજુ કરેલ છે.

(૧) 2019 (1) civil L.J. Page 45

Vasudev Pandharinath raikar & Others.V/s. Manoj Mohan dalavi & Others.

(૨) 2023 (3) GLH Page 583

Nagarbhai Bhikhabhai Kedva V/s. Dept. Collector, Banaskantha.

(૩) R/Special Civil Application No.5765 of 2019

Ramuben Naranbhai Bhagiya V/s. Stete of Gujarat.

(૪) R/Special Civil Application No.15567 of 2021

Vallabhbhai Vastabhai Kukadiya V/s. Dept. Collector, Botad.

(૫) 2022 (1) GLR Page 349

Illaba Devendrasinh Jadeja V/s. Stete of Gujarat.

(૬) AIR 1980 Gujarat Page 146

State of Gujarat V/s. Hiralal Motilal Luhar.

(૭) AIR 2022 Gujarat Page 146

Kantaben Parsotamdas V/s. Ghanshyambhai Ramkishan Purohit

૪ આ અરજીના મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીઓ પુરવાર કરે છે કે તેઓને પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે સગવડ–અગવડની સમતુલા તેઓની તરફેણમાં છે ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં નઆવે તો તેઓને નાણામાં ભરપાઈ ન શકે તેવું નુકસાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દા ઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

૬. ઉપરોકત નિર્ણયોના કારણો મારા અભીપ્રાય પ્રમાણે નીચે મુજબ છે.

**// કારણો//**

૭. **મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા**

આ કામે તમામ મુદ્દાઓ હકીકતથી પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય, આ તમામ મુદ્દાઓની ચર્ચા અહીં સંયુકતરીતે કરવામાં આવેલી છે.

આ કામે પક્ષકારો તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં પહેલાં અહીં એ નોધવું જરૂરી છે. કે મનાઈ હુકમની દાદ એ સમન્યાયી દાદ છે.અને સમન્યાયી અદાલત દાવા તારીખની સ્થિતિને લક્ષમાં લઈ ને હુકમ કરે છે.મનાઈ હુકમ રૂટીન કોર્ષમાં મંજુર થઈ શકે નહિ પરંતુ પ્રથમદર્શનીય રીતે કેસ ફલીત થતો હોય ત્યારે મંજુર થવા પાત્ર હોય છે. માત્ર પ્લીડીંગ્સના આધારે મજબુત કેસ ગણી શકાય નહિ. પ્રથમદર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભવિષ્યમાં નાણામાં ના આંકી શકાય તેવુ નુકસાન પ્રથમદર્શનીય રીતે પુરવાર થવુ જરૂરી છે. મનાઈ હુકમ એ વિવેકબુધ્ધીની દાદ છે, કોઈ વ્યકિત હકકની રૂએ મનાઈ હુકમ માંગી શકે નહિ. મનાઈ હુકમ મંજુર કરતી વખતે કે નામંજુર કરતી વખતે રેકર્ડ ઉપરથી હકીકતો લક્ષમાં રાખી પ્રથમદર્શનીય રીતે નિર્ણય કરવાનો રહે છે. મનાઈહુકમની દાદ એ સમન્યાયી દાદ હોવાથી જે વ્યકિત દાદ માંગે તેણે અદાલતને સ્પષ્ટપણે બતાવવુ જોઈએ કે તેના

તરફે કોઈ ફોલ્ટ નથી અને વધુમાં વાદીએ સ્વતંત્ર રીતે તેઓનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. અને તે માટે તેઓ સામાપક્ષના કેસની નબળાઈ ઉપર આધાર રાખી શકે નહિ.આજ હકીકતના પરીઘમાં આ દાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ પ્રથમદર્શનીય એ સાબીત કરવાનું રહે છે કે, મામલતદારશ્રી માણાવદર તાલુકાએ મામલતદાર કોર્ટ એકટની કોઈ જોગવાઈઓનું પાલન કરેલ ન હોય અને સદરહું એકટના પ્રબંધોનો ભંગ કરી ગેરકાયદેસર કાર્યવાહી કરી મામલતદાર કોર્ટ કેસ નં.૪/૨૦૨૩ માં હુકમ કરેલ હોય જે હુકમથી દાવાવાળી મિલ્કતમાં રહેલ વાદીના કાનુની હકકને હાની થાય તેમ છે.

વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવા માટે એ બતાવવુ પડે કે, દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે,જેમાં તે સફળ થાય તેવી પુરેપુરી શકયતા છે અને વાદીએ પોતાના હકકોના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ માંગેલ છે જેથી તે પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય તેમ છે. વાદીએ પોતાના દાવાના સમર્થનમાં નિ. ૫/૧થી મામલતદાર કોર્ટ કેસ નં.૪/૨૦૨૩ ની અરજી, નિ.૫/૩ થી પંચ રોજકામ અને નિ.૫/૬ થી મામલતદાર કોર્ટ કેસનો હુકમ રજુ કરેલ છે તેમજ નિ.૫/૭ થી ૫/૧૬ સુધી પક્ષકારોના રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે. વાદી તરફે એ મતલબની રજુઆત છે કે, દાવાવાળા રસ્તા પર સને ૨૦૧૮ ની સાલથી પાણીનો બોર આવેલ હોય તેવા સંજોગોમાં મામલતદાર કોર્ટ કેસ નં.૪/૨૦૨૩ માં પ્રતિવાદી નં.–૧ નાએ અરજી દાખલ કર્યાના ૧૦ દિવસ પહેલા રસ્તો બંધ કરવામાં આવેલ તે હકીકત જણાવેલ છે. જયારે માર્ગ ૫/૩ થી રજુ થયેલ પંચનામામાં બે થી ત્રણ માસ પહેલા રસ્તો બંધ થયાની હકીકત જણાવેલ છે. જે હકીકત વિરોધાભાસી છે. રેકર્ડ ઉપરનો દસ્તાવેજી પુરાવો

ધ્યાને લેતા માર્ક ૫/૧ થી રજુ થયેલ મામલતદાર કોર્ટ કેસ નં.૪/૨૦૨૩ તા.૨૬/૧૨/૨૦૨૨ ના રોજ દાખલ થયેલ હોવાનું જણાય આવે છે. અને માર્ક ૫/૩ વાળુ પંચનામુ તા.૧૭/૨/૨૩ ના રોજ થયેલ છે. જેથી બન્ને તારીખોમા વિરોધાભાસ હોવાનું જણાય આવે છે. વાદી તરફે એક એવી દલીલ છે કે, પ્રતિવાદી નં.–૧ નાઓએ ઈઝમેન્ટ ઓફ નેસેસરી સાબીત કરેલ નથી. કારણ કે, આ કામમાં રજુ થયેલ માર્ક ૫/૧૦ થી માર્ક ૫/૧૬ ના પ્રતિવાદી નં.–૧ ની જમીનનાં ગામના નમુના ૧૨ જોવામાં આવે તો તેમની જમીનમાં કોઈ પાક લેવાતો નથી કે ખેતી થતી નથી, પડતર જમીન છે તેમજ આંક–૧૬ નાં નામદાર કોર્ટના હુકમ મુજબ થયેલ રોજકામમાં પણ પ્રતિવાદીના ખેતરમાં કોઈ વાવેતર જોવામાં આવેલ ન હોય સુખાધિકારના રસ્તાની જરૂર હોતી નથી. પ્રતિવાદી પોતાની જમીનમાં વાવેતર કરતા ન હોય તેટલા જ કારણથી સુખાધીકાર હોવા ન હોવાનો નિર્ણય થઈ શકે નહી તેમજ પ્રતિવાદીના ખેતરનો વૈકલ્પીક રસ્તો આવેલ તેટલા કારણ માત્રથી હાલના તબકકે જયારે વચવાળા અરજી નિર્ણય કરવાની હોય સદરહું વૈકલ્પીક રસ્તો દાવાવાળી જગ્યાએ આવેલ છે કે નહી તે પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે નહી તેમજ વાદી જણાવે છે તેમ સર્વે નં.૪૯૮ ના ઉતર દક્ષીણે બે ભાગ કરી પ્લોટો કરેલ હોય અને ઉતરવાળાને ઉતર તરફનો રસ્તો અને દક્ષીણવાળાને દક્ષીણ તરફનો રસ્તો મળેલો હોય અને એકબીજાને બીજાની જમીનમાં ચાલવાનો અધિકાર ન હોય તે હકીકત પણ પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે નહી. વધુમાં વાદી તરફે વાદગ્રસ્ત જગ્યાએ વાદીનો પાણીનો બોર તથા પાણીનો ટાકો આવેલ હોય જે જગ્યાએથી પ્રતિવાદી ચાલી શકે તેમ ન હોય પ્રતિવાદીનો કહેવાતો રસ્તો પાંચ છ વર્ષથી બંધ હોય જેથી પ્રતિવાદીને આ રસ્તે ચાલવાનો હકક નથી તેવું પણ આ તબકકે પુરાવો લીધા

સિવાય નકકી થઈ શકે નહી. વાદી તરફે મામલતદારશ્રી દવારા કાનુની જોગવાઈઓનો ભંગ કરીને મામલતદાર કોર્ટ કેસ નં.૪/૨૦૨૩ નો હુકમ કરેલ હોવાની રજુઆત છે. પરંતુ, વાદીએ આ હુકમની કાયદેસરતા મામલતદાર કોર્ટ એકટ મુજબ તેઓને ઉપ્લબ્ધ રેમીડીનો ઉપયોગ કરી રીવીઝન દાખલ કરેલ નથી. તેવા સંજોગોમાં, વાદી સીધો દાવો દાખલ કરી સદરહું તકરાર ઉપસ્થિત કરી શકે નહી. કારણ કે, વાદીએ આ કામે રજુ કરેલ ન્યાયીક નિર્ણયોની હકીકત ધ્યાને લેવમા આવે તો તમામ ન્યાયીક નિર્ણયમાં મામલતદાર કોર્ટ એકટની કલમ–૫ માં થયેલ હુકમ બાદ સદરહું હુકમ સામે મામલતદાર કોર્ટ એકટ મુજબ રીવીઝન દાખલ કરવામાં આવેલ છે. જયારે હાલના દાવામાં વાદીએ તેઓને મળતી રેમેડીઝનો ઉપયોગ કર્યા વગર સીધો સીવીલ સ્યુટ દાખલ કરેલ હોય સદરહું ન્યાયીક નિર્ણયથી વાદીને કોઈ લાભ મળી શકે તેમ નથી તેમજ સદરહું ન્યાયીક નિર્ણયમાં મામલતદાર કોર્ટ એકટની રીવીઝનની જોગવાઈ બાદ સીવીલ કોર્ટને અધિકાર હોવાની હકીકત જણાવેલ છે. જેથી, હાલના દાવાની હકીકત અલગ હોય સદરહું ન્યાયીક નિર્ણયમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતનો વાદીને લાભ મળી શકે નહી તેમજ વાદી દાવા અરજીમા રસ્તા બાબતે જે દીવાની અધિકાર ધરાવે છે તે અધિકાર દાવામાં પુરાવો લીધા સીવાય પુરવાર થઈ શકે નહી. તેવા સંજોગોમા વાદી પોતાની પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી.

આમ, વાદી દાવાવાળી તકરાર બાબતે પોતાનો પ્રાયમાફેસી કેસ પુરવાર કરી શકેલ ન હોય ત્યારે વચગાળાના મનાઈ હુકમથી પક્ષકારોને થતી અનુકુળ પ્રતિકુળ અસરોનુ તુલનાત્મક મુલ્યાકંન કરવુ જરુરી બને છે. જેને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કહેવામાં આવે છે. વાદી પોતાની તરફેણમાં અગવડતા સગવડતાની સમતુલા કે,

નાંણામાં ન આપી શકાય તેવુ નુકશાન પણ પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.–૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// હુ ક મ //

વાદીની આંક–૬ મનાઈ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૯ મી માહે જુલાઈ સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાદી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૭/૨૦૨૪
મુ. વંથલી

( આઈ.એ.શેખ )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
વંથલી.